

# સુરતમાં 'કેચ ધ રેન' નું આકર્ષણ: રેનવોટર હાર્વેસ્ટિંગનો આવ્યો ટ્રેન્ડ

ટેકનો ટ્રેન્ડ


**વરસાદ આવે એટલે ઘણા લોકો પહેલા વરસાદમાં નાહવાનું કે ભીંજાવાનું પસંદ કરે છે. એવું કહેવાય છે કે, એનાથી શરીરને ઠંડક મળે છે. ઘણા લોકો વરસાદ પડતો હોય એટલે ઘરના ઓટલા પર પાણીની ડોલ કે અન્ય વાસણ મૂકીને વરસાદી પાણી ભરી લેતા હોય છે. હવે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને વધતા પાણીની જરૂરિયાતને કારણે સુરત સિટીના બંગલાઓમાં રેઈનવોટર હાર્વેસ્ટિંગનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેમાં વરસાદી પાણીનો મોટા જથ્થામાં સંગ્રહ કરાય છે. SMCનું વોટર બિલ ઘટાડવા અને વરસાદી પાણીનો બગાડ અટકાવવા વરસાદી પાણીને ભૂગર્ભ ટાંકામાં ઉતારીને તેનો પીવાના પાણી તરીકે અને ડોમેસ્ટિક યુઝ માટે આખું વર્ષ ઉપયોગ કરવાની આ સિસ્ટમ ઉપયોગી બની રહી છે. બંગલાની છત પરથી પડતું વરસાદી પાણી પાઈપલાઈન મારફતે ફિલ્ટર થઈને અંડરગ્રાઉન્ડ ટંકીમાં અથવા રિચાર્જ કૂવામાં જાય. સુરતના બંગલાઓમાં જ નહીં પણ એપાર્ટમેન્ટ અને ઔધોગિક ઈન્ડસ્ટ્રીઝમાં અને કેટલીક સ્કૂલોમાં પણ રેઈનવોટર હાર્વેસ્ટિંગ થઈ રહ્યું છે. ચાલો, આ ટ્રેન્ડ વિશે વિગતવાર જાણીએ...**



## અડાજણ ગામમાં સરકારી સ્કૂલમાં પણ છે રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ



અડાજણ ગામમાં સ્થિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નંબર 150માં લગભગ સાત-આઠ વર્ષથી રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી છે. સ્કૂલના ગ્રાઉન્ડમાં વરસાદી પાણી જમા થાય તેને જમીનમા ઉતારવામાં આવે છે. આ શાળાના પ્રિન્સિપાલ વિજયભાઈ પટેલે જણાવ્યું કે, સ્કૂલમાં રેઈનવોટર હાર્વેસ્ટિંગનો ઉદ્દેશ્ય સ્કૂલના મેદાનનું વરસાદી પાણી જમીનમાં ઉતારી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવાનો છે. પાઈપ જમીનમાં ઉતારવામાં આવી છે, ચોકડી બનાવી ઢાંકણા પાડ્યા છે. બોર બનાવી છે તેમાં વરસાદી જળ ઉતરે જે ભૂગર્ભ જળનું સ્તર વધારે છે. સ્કૂલના વિદ્યાર્થીઓને આ સિસ્ટમ બતાવી વરસાદી પાણીનો સંચય કરી કઈ રીતે ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવી શકાય તેનાથી અવગત કરવામાં આવે છે.



## 100 ઇંચ વરસાદ પડે તો એક લાખ લીટર પાણીનો સંગ્રહ થાય

ઝુબિન મિસ્ત્રીનો બંગલો ડુમસ ગામમાં પણ છે અને તેઓ ઘોડદોડ રોડ સ્થિત એક એપાર્ટમેન્ટમાં રહે છે. તેમણે જણાવ્યું કે, ડુમસ ગામના મારા બંગલામાં 11 વર્ષ પહેલાં રેઇન વોટરહાર્વેસ્ટિંગ સિસ્ટમ ગોઠવી હતી. એક હજાર સ્ક્વેર ફિટનો ટેરેસ એરિયા છે. જો 100 ઈંચ વરસાદ પડે તો એક લાખ લીટર પાણીનો સંગ્રહ થાય. અમે ટેરેસનું વરસાદી પાણી કૂવામાં ઉતારીએ છીએ, જે ઘરના કામો અને ગાર્ડનિંગ માટે આખું વર્ષ ઉપયોગમાં લઈએ છીએ. મારો આ બંગલો દરિયાથી દોઢ બે કી.મી. દૂર છે છતાં પણ મેં રેઈનવોટર હાર્વેસ્ટિંગ કર્યું છે, જેનાથી અમને મીઠું પાણી મળી રહે છે. અમારે ત્યાં હજી S.M.C.ની પાણીની લાઈન નથી એટલે અમને આ વરસાદી પાણી બારે માસ કામમાં આવે છે. હું ઘોડદોડ રોડ પર 24 ફ્લેટના એક એપાર્ટમેન્ટમાં રહું છું. આ બિલ્ડીંગના ટેરેસનો એરિયા 5 હજાર સ્ક્વેર ફિટ છે. આ બિલ્ડિંગમાં પણ રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી છે. બે કુંડી બનાવી છે તેમાં વરસાદી પાણી આવે જે બોરમાં જાય અને તે મીઠું પાણી આખું વર્ષ એપાર્ટમેન્ટના લોકોના કામમાં આવે.

### વરસાદી પાણીથી વાળ મુલાયમ રહે છે, સાબુ ઓછો વપરાય છે

યુનિવર્સીટી રોડ વિસ્તારમાં રહેતા સંધ્યાબેન રેલીયા દ્વારા જણાવવામાં આવ્યું કે, એમના બંગલામાં રેઈનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ 2008થી ગોઠવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે,



મારા પરિવારને ઝાડ રોપવા, પાણી બચાવવું જેવી પ્રવૃત્તિ કરવી ગમે છે. ટેરેસ પર પાઈપલાઈન ગોઠવી છે. પહેલાં વરસાદમાં ધાબુ ધોઈએ પછી ચોખ્ખું પાણી ફિલ્ટર ચેમ્બરમાંથી અંડરગ્રાઉન્ડ ટાંકામાં જાય. વરસાદી પાણી અમે પીવા માટે, નાહવા માટે, ડોમેસ્ટિક યુઝ માટે લઈએ. અંડરગ્રાઉન્ડ ટાંકી ફૂલ થાય પછીનું પાણી બોરિંગમાં જાય. બોરિંગનું પાણી ગાર્ડનિંગ માટે યુઝ કરીએ. વરસાદી પાણી જ્યાં સુધી યુઝ કરીએ ત્યાં સુધી S.M.C.નું પાણી નહીં લઈએ. S.M.C.ના પાણીમાં 150ની હાર્ડનેસ હોય અને 300 TDS હોય જ્યારે વરસાદી પાણીમાં નહિવત હાર્ડનેસ હોય. વરસાદી પાણી સોફ્ટ હોય એટલે એનાથી વાળ મુલાયમ રહે, કપડાં ચોખ્ખા ધોવાય, પોતું કરીએ તો ડાઘા નહીં પડે, વાસણ પર પાણીના ડાઘા નહીં રહે, બાથરૂમની ટાઈલ્સ અને નળ ચોખ્ખા રહે ઉપરાંત સાબુ પણ ઓછો વપરાય.

### 6 વર્ષથી કરે છે રેઇનવોટર હાર્વેસ્ટિંગ

વાલક પાસે રહેતા આર્યન ઉઘાડે જણાવ્યું કે અમે આખું વર્ષ વરસાદી પાણી પીતા હોઈએ છીએ. ટેરેસ સાથે કનેક્ટેડ પાઈપલાઈન ગોઠવી છે.



વરસાદ આવે એટલે પહેલા તો ધાબુ સાફ કરવાનું અને તે પાણી નીકળી જાય પછી ચોખ્ખું પાણી અંડર ગ્રાઉન્ડ ટાંકામાં સ્ટોર થાય. તે પાણી અમે આખું વર્ષ પીતા હોઈએ. અંડરગ્રાઉન્ડ ટાંકા પાસે ડંકી (હેન્ડપંપ) છે. તેનાથી ટાંકાનું પાણી ખેંચી લઈએ અને તેને ગરમ કરીને માટીના ઘડામાં ભરી પીવા માટે લઈએ. અમે રેઈનવોટર હાર્વેસ્ટિંગ 6 વર્ષથી કરીએ છીએ. બહારના ફિલ્ટરવાળા પાણી કરતા આ વરસાદી પાણી વધારે સારું. અમે અંડરગ્રાઉન્ડ ટાંકામાં ચૂનો ભરેલી નાની માટલી રાખી છે, એનાથી ટાંકાનું વરસાદી પાણી ચોખ્ખું રહે છે અને સાથે કેલ્શિયમ પણ મળી રહે છે.

**તાપી નદી એ માત્ર પશ્ચિમ ભારતની એક મહત્વપૂર્ણ નદી કે જીવાદોરી જ નથી પણ તે ભારતના ભૌગોલિક, સાંસ્કૃતિક અને પૌરાણિક ઈતિહાસનું એક અવિભાજ્ય અંગ છે. પૂર્વથી પશ્ચિમ તરફ વહીને અરબી સમુદ્રને મળતી આ નદીનો ઈતિહાસ અત્યંત રસપ્રદ છે. તેના કિનારે જ સુરતની પ્રજા સુખ અને સમૃદ્ધિને પામી છે એટલે સુરતીઓ માટે તાપી એ નદી નથી; પણ લોકમાતા છે. તો આવો આજે સુરતની જીવાદોરી એવી તાપીમાતા વિષે વિગતે જાણીએ...**

# તાપી સુરતની જીવાદોરી



સૂર્યપુર તરીકે ઓળખાતા સુરતનો સૂર્ય સાથે સંબંધ અનોખો છે; જેનું કારણ છે, તાપી નદી... તાપી નદી એ સૂર્યપુત્રી મનાય છે. ભગવાન સૂર્યનારાયણ અને તેમની પત્ની છાયાની પુત્રી હોવાના કારણે તેનું નામ 'સૂર્યદિહા'અને 'સૂર્યતનયા'પણ છે. "ગંગા સ્નાને, યમુના પાને, રેવા દર્શને અને તાપી સ્મરણે"એટલે કે તાપી નદીના સ્મરણમાત્રથી મનુષ્યનાં સર્વ પાપ નષ્ટ થાય છે એવું કહેવાય છે. તાપી નામ એ તાપ પરથી આવ્યું છે; જેનો અર્થ થાય છે સંતાપ હરનારી... આપણા ગ્રંથોની કલ્પના જ કેટલી સરસ છે કે પૃથ્વી પરના તમામ જીવોના તાપ હરનારી શાંતિદાયી નદી એટલે તાપી...

એક દંતકથા મુજબ યમુના અને તાપી નદી વચ્ચે વિવાદ થતાં એકમેકના શાપને કારણે તેઓ નદી થઈ પૃથ્વી પર પડ્યા. સૂર્યદેવના અનુગ્રહથી યમુનાનું જળ ગંગા અને તાપીનું જળ નર્મદા જેટલું પવિત્ર મનાયું.

તાપી નદીનો જન્મ અષાઢ સુદ સાતમને દિવસે રવિવારે થયેલો મનાય છે. દર વર્ષે સુરતીઓ દ્વારા તાપીજયંતીનાં દિવસે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે, જેમાં સુરતનાં લગભગ બધા જ ઘાટ પર મહાઆરતી થાય છે. જો કે સુરતના જહાંગીરપુરામાં આવેલા તાપી આરતી ઘાટ ખાતે રોજ જ તાપીમાતાની આરતી અને સ્તુતિ કરવામાં આવે છે. મૂળ સુરતીઓ આજે પણ અમાસ અને રવિવારનાં દિવસે તાપી દર્શને જઈ ખમણ-ભૂસું ખાઈને પાછા આવે છે કારણ કે તેઓ એવું માને છે કે આજે તેઓ જે સુખસમૃદ્ધિ ભોગવી રહ્યા છે તે માતા તાપીને કારણે છે. તેઓ તેને માત્ર નદી તરીકે નહિ પણ પાપ અને સંતાપ હરનારી દિવ્ય શક્તિ તરીકે જુએ છે.

ભૌગોલિક દ્રષ્ટિએ પણ તાપી નદીનો ઈતિહાસ કરોડો વર્ષો જૂનો છે. તાપી નદી અંગે વાયુ પુરાણમાં વિગત છે કે નર્મદા નદીનો સમય સાત કલ્પનો છે, જ્યારે તાપી નદી એકવીસ કલ્પથી વહે છે. ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા નદી પહેલાં તાપી નદીનો ઉદ્ભવ થયો. તાપી નદી મધ્યપ્રદેશના બેતુલ જિલ્લામાં સાતપૂડાની પર્વતમાળામાં મૂલ્તાઈ નામના સ્થળેથી નીકળે છે, જેનું મૂળ નામ 'મૂળ તાપી'છે. આશરે ૭૫૪ કિમી લાંબી નદી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પસાર થઈને અરબી સમૃદ્રને મળે છે. તાપીનું એક નામ 'સહસ્ત્રધારા'છે કારણ કે તેમાં પૂર્ણા, ગોમતી કે ગોમાઈ, વાઘેર,




અરૂણાવતી, પંજરા, બોરી, સિપના, અનેર વગેરે નદીઓના પ્રવાહ પણ મળે છે. આ નદી ઘણાં લોકોને રોજીરોટી પૂરું પાડતી હોવાથી તેને 'અન્નજળ ભરપૂરા'પણ કહેવાય છે. આજે જે ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સુરતમાં ફૂલ્યોફાલ્યો છે તેનું એક કારણ તાપી નદી પણ છે; કારણ કે, સિન્થેટીક કપડાં પર તાપીનાં પાણી દ્વારા રંગો સારા ઉઘડે છે. જો કે હવે તો ઘણી બધી ટેક્નોલોજી છે, પણ આ જૂના વખતની વાત છે.

**મૂળ સુરતીઓ આજે પણ અમાસ અને રવિવારનાં દિવસે તાપી દર્શને જઈ ખમણ-ભૂસું ખાઈને પાછા આવે છે કારણ કે તેઓ એવું માને છે કે આજે તેઓ જે સુખસમૃદ્ધિ ભોગવી રહ્યા છે તે માતા તાપીને કારણે છે**

તાપી નદીએ આધુનિક યુગમાં દક્ષિણ ગુજરાતના કૃષિ અને ઔધોગિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. તાપી નદી પર બાંધવામાં આવેલા બે મુખ્ય બંધ- કાંકરાપાળ અને ઉકાઈ ગુજરાત માટે વરદાન સાબિત થયા છે. ઉકાઈ ડેમ એ ગુજરાતનું બીજા નંબરનું સૌથી મોટું કૃષિ અને જળવિદ્યુત મથક છે, જે લાખો હેક્ટર જમીનને પાણી પૂરું પાડે છે. હજીરા અને સુરત આસપાસની ઈન્ડસ્ટ્રી આ નદીના પાણી પર નિર્ભર કરે છે.

તાપી નદી એ પ્રકૃતિ અને ઈતિહાસનો એક સુંદર સમન્વય છે. સાતપૂડાનાં પહાડોમાંથી નીકળીને અરબી સમુદ્ર સુધીની તેની સફર ભારતનાં વૈભવ, સંઘર્ષ અને વિકાસની સાક્ષી રહી છે. આજે પ્રદૂષણ સામે આ નદીને બચાવવા 'નમામિ તાપી'જેવા શુદ્ધિકરણનાં અભિયાનો પણ ચલાવવામાં આવે છે , જેથી આ પવિત્ર સૂર્યપુત્રી આગામી પેઢીઓ માટે પણ અમૃત વહાવતી રહે.

વારસાની વરિયાળી

**એક કથા એવી પણ છે કે સર્વના પાપ ધોનારી મા ગંગા પણ શાંતિ મેળવવા ગુપ્તેશ્વર તીર્થ પાસે તાપી માતા પાસે આવે છે. આ કારણે તાપીનું ધાર્મિક મહાત્મય ખૂબ છે.**

# સુરતી યુવતીઓમાં ફેશન સ્ટેટમેન્ટ બની કોરિયન જ્વેલરી

LifeStyle Trends

K-Pop, K-Drama તથા કોરિયન ફૂડ બાદ હવે સુરતી યુવતીઓને કોરિયન જ્વેલરી આકર્ષી રહી છે. કોરિયન જ્વેલરી સ્ટાઈલિશ અને મિનિમલ ડિઝાઈનને કારણે સુરતી યુવતીઓમાં તેની ડિમાન્ડ વધી રહી છે. નાના હાર્ટ, બો, ફ્લોરલ અને જ્યોમેટ્રિક પેટર્નવાળી ઈયરિંગ્સ, નેકલેસ, બ્રેસલેટ અને રિંગ્સ આજકાલ વધારે ફેશનમાં છે. ચાલો આ જ્વેલરી સુરતી યુવતીઓને કેમ ફેશન સ્ટેટમેન્ટ લાગે છે તેના વિશે જાણીએ...



### કોરિયન બ્રેસલેટ એક ટ્રેન્ડ નહીં પણ ફેશનનું પ્રતિક બની રહ્યા છે



કોલેજ ગર્લ્સ અને યુવા પ્રોફેશનલ્સમાં કોરિયન સ્ટાઈલ ડિઝાઈનના બ્રેસલેટ વધુ લોકપ્રિય બની રહ્યા છે. કોરિયન બ્રેસલેટ માત્ર એક ટ્રેન્ડ નહીં પણ મોડર્ન અને સિમ્પલ ફેશનનું પ્રતિક બની રહ્યા છે. સુરતી યુવતીઓ કોરિયન બ્રેસલેટને પોતાના ફેશનનો ભાગ બનાવી રહી છે. સ્ટેનલેસ સ્ટીલ, પર્લ, ગોલ્ડ પ્લેટેડ અને ચાર્મ બ્રેસલેટ અને ઓછી કિંમતમાં મળે.

### હળવા વજનની કોરિયન ઈયરિંગ્સ કોલેજ ગર્લ્સમાં પ્રિય

સુરતી યુવતીઓમાં કોરિયન સ્ટાઈલ ઈયરિંગ્સ નવી ફેશન સ્ટેટમેન્ટ જ્વેલરી તરીકે લોકપ્રિય બન્યા છે. નાના સ્ટડ્સ, પર્લ હુપ્સ, બટરફ્લાય ડિઝાઈન, નેચર ઈન્સ્પાયર્ડ ડ્રોપ ઈયરિંગ્સ વધુ ટ્રેન્ડી બન્યા છે. આ ઈયરિંગ્સ હળવા વજનના હોવાથી કોલેજ ગર્લ્સ અને ઓફિસ જતી યુવતીઓ તેને રોજ પહેરવાનું પસંદ કરી રહી છે.



### ઇન્ડો-વેસ્ટર્ન ડ્રેસ કોરિયન નેકલેસ પરફેક્ટ મેચ

સુરતની જ્વેલરી શોપ્સમાં કોરિયન ડિઝાઈનના નેકલેસ, પર્લ પેન્ડન્ટ, બટરફ્લાય અને ચાર્મવાળા નેકલેસ સરળતાથી મળી રહ્યા છે. આ નેકલેસ આકર્ષક અને સ્ટાઈલિશ લાગતા હોવાથી અને વજનમાં હળવા હોવાને કારણે યુવતીઓ પાર્ટી, ઓફિસ અને કોલેજમાં આ જ્વેલરી પહેરવાનું વધારે પસંદ કરવા લાગી છે. સોશ્યલ મીડિયામાં કોરિયન નેકલેસની નવી નવી ડિઝાઈન ઝડપથી વાયરલ થતી હોવાથી પણ આવા નેકલેસની ખાસ્સી ડિમાન્ડ સુરતી યુવતીઓમાં છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## પાણીમાં ડૂબ્યાં વાહનો અને રિપેર કરવા ગેરેજમાં લાગી લાઈનો....

પડ્યો ભારે વરસાદ અને ગેરેજવાળાઓને થઈ ગઈ મોટા પ્રસાદની આશ... વરસાદ અને ખાડીપૂરના પાણીમાં ડૂબ્યાં વાહનો અને ગેરેજોમાં લાગી વાહનોની લાઈનો... ભલે થયો હોય ગમે તેટલો લોસ, પણ લઈ જવા છે દરેકને વાહનો ટોટલ લોસ... ડૂબેલાં વાહનો હવે કેવી રીતે ચાલશે, સવાર પડે ને નવા નવા ખર્ચાઓ આવશે... ટુ-વ્હીલર હોય કે ફોર-વ્હીલર, વાહનમાલિકોની હાલત થઈ ગઈ છે ચિલ્લર... આવશે લાંબાં-લાંબાં બિલો અને મોટા-મોટા ખર્ચા, ખિસ્સાં કેમ ખાલી થાય છે તેના થશે દરેકને પરચા... રિપેરિંગ માટે વાહનો ગેરેજમાં પડી રહેશે અનેક દિવસો, રહેશે ચિંતા એક જ કે કેવી રીતે કરીશું પ્રવાસો...